સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

નાણાં ના અભાવે કેટલીયે જાન અટકી ગઈ!
બે નંબરી કેટલાયની કમાન છટકી ગઈ!
કટકી થઈ બેકારોથી બેન્ક સુધીના બધાને -
ખટકી ગઈ કતાર નિવૃત્તોને પટકી ગઈ!

ગયાં છટકી,
મોટા માંથા નંબરી -
સજા લટકી?!
(મહેશ શાહ હોળીનું શ્રીફળ)

બદલે રંગ,
સોનું ને સ્થાવરમાં -
કાચંડી નાણું...
(સરકાર વટકી)

હાઈકુ

ચિંતન

જિન્હ કૈ લહિં ન રિપુ રન પીઠી, નહિં પાવહિં પરતિય ગન ડીઠી,
મંગન લહહિં ન જિન્હ કૈ નાહીં, તે નરબર થોરે જગમાંહી.

ઉપરોક્ત ચોપાઈ રામાયણમાંથી લેવામાં આવેલ છે. રણમાં શત્રુઓ જેમની પીઠ જોતાં નથી, વળી જેઓ પારકી સ્ત્રીનું મનમાં પણ ચિંતન કરતાં નથી, જેમની પાસેથી માગવાવાળા કદી 'ના' સાંભળતા નથી, એવા શ્રેષ્ટ મનુષ્યો જગતમાં બહુ થોડા છે.

શૂરવીરનો સ્વભાવ જ પરાક્રમનો છે શહીદી વહોલી લે પણ રણસંગ્રામ કદી છોડતા નથી - પીઠ બતાવતા નથી.

ચારિત્ર્યવાન કદી પણ પરસ્ત્રીનો મનમાં પણ દુર્વિચાર કરતા નથી.

ઉદાર-દાનવીર વૃત્તિવાળા કદી કોઈને 'ના' કહેતા નથી. લાયકાત પ્રમાણે માગનારને થોડું પણ આપે છે. પોતાની શક્તિ મર્યાદમાં રહીને પણ અચૂક દાન કરે છે.

આવા શૂરવીર, ચારિત્ર્યવાન અને દાનવીર લોકો જગત-સંસારમાં બહુ ઓછા હોય છે.

સુવિચાર

- છીછરાં જળ જેવી વ્યક્તિ કાંઈ જ પચાવી ન શકે...
  ગંભીર સાગર જેવી વ્યક્તિ બધું જ પચાવી શકે - **ધર્મલોક**
- 'મને કોઈ શું છેતરશે ??' 'હું પોતે કયાં નથી' - **શાહબુદ્દીન રાઠોડ**
- કોઈકે એક વડીલને પૂછ્યું, 'ભગવાન, અલ્લાહ, વારેગુરુમાં શું ફરક છે?'
  વડીલનો જવાબ 'મા, અમ્મી અને બેબ્બેમાં છે એટલો...' - **ફુલછાબ**
- એ જ માણસ વધુ દોલતવાન છે કે જેની ખુશાલી સહુથી સસ્તી છે - **એસ. ભટ્ટાચાર્ય**
- હું પ્રથમ રહું તેનું નામ સ્પર્ધા અને મારો હરીફ પાછળ રહી જાય એનું નામ ઈર્ષ્યા - **ભગવદ્‌ગીતા**
- ઊડવા કરતાંય આપણે જયારે ઝુકી જઈએ છીએ ત્યારે
  આપણે વિવેકની વધુ નિકટ હોઈએ છીએ - **સંત રોબિન**
- આજનું ઔષધ : પગ થાક્યા હોય તો નવશેકુ કોપરેલ તેલનું માલીશ કરી શકાય.

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

આપણી કોઈ પ્રશંસા કરે ત્યારે આપણને ગમે છે અને પ્રશંસા કરનારો પણ ગમે છે પણ જયારે કોઈ સાચું કહે - ટીકા કરે કે આપણા દોષ અવગુણ દર્શાવે ત્યારે મનથી તો નથી જ ગમતું પણ સામેની વ્યક્તિ પણ નથી ગમતી. આ વલણ યોગ્ય નથી પક્ષપાતી છે.

એકવાર સંત હસનને એક અનુયાયી મળવા આવ્યો - કેટલાય પ્રયત્ન - ધક્કા ખાધા પછી સંત હસન તદ્દન ફૂરસદમાં તેને મળી ગયા. તેણે ખૂશ થઈ સંતના ખૂબ વખાણ કર્યા - આપ મારા 'ઈશ્વર' જ છો. કૃપાળુ છો... વગેરે...

એ બેઠો હતો ત્યાં જ એક યુવક આવ્યો. સંત હસનના કોઈ અનુયાયી સાથે એને વાંકુ પડ્યું તેની ફરિયાદ કરવા આવ્યો હતો. સાથે સાથે સંત હસનને પણ ગાળાગાળી સાથે તમે દંભી-ઢોંગી છો એવા શબ્દો કહી - રવાના થઈ ગયો. પેલા ભક્તે સંત હસનને પૂછ્યું તમને આટલું બધું બોલી ગયો છતાં તમે શાંત કેમ બેસી રહ્યા?

સંત કહે, ભાઈ - એમ તો તે પણ મને 'ઈશ્વર' કહી મારી પ્રશંસા કરી હતી ત્યારે પણ હું તો મૌન જ હતો ને? માણસે સમતુલન રાખતાં શીખવું જોઈએ.

ધૂંધળું થઈ રહેલું 'અચ્છે દિન'નું સ્વપ્ન

તંત્રીસ્થાનેથી...

૧૦૦૦ અને ૫૦૦ રૂપિયાની જૂની નોટ ચલણમાંથી રદ કરવાની કેન્દ્ર સરકારની જાહેરાતને એક માસ પૂર્ણ થવામાં છે, ત્યારે 'અચ્છે દિન'નું સ્વપ્ન ધૂંધળું થઈ રહ્યું હોય એમ લાગી રહ્યું છે.

અલબત્ત, આ ઐતિહાસિક નિર્ણયની ત્વરિત પ્રતિક્રિયામાં વડાપ્રધાનના ભક્તો તેમની મદદે આવી ગયા હતા અને બે મોઢે એમનાં ગાણાં ગાયાં હતાં. વિરોધ તો થયો હતો, પણ એ વિરોધની સામે લોકોનું સમર્થન આ ઘટનાને એટલું બહાર આવ્યું હતું કે વિરોધનો સૂર બહુ દૂર સુધી ગયો જ નહીં. વડાપ્રધાને જે નિર્ણય લીધો છે એ ઐતિહાસિક છે અને આવનારા દિવસોમાં એ લોકો માટે સુખકર સાબિત થવાનો છે એવી અપેક્ષામાં સામાન્ય લોકો મોદીના પક્ષમાં આવી ગયા હતા ને હજુ એમના આ નિર્ણયનું સમર્થન કરી રહ્યા છે.

પરંતુ કડવી વાસ્તવિકતા એ છે કે લોકોની તકલીફોનો અંત આવ્યો નથી ને તકલીફો દિન-પ્રતિદિન વધી રહી છે. વડાપ્રધાને પૂરતી તૈયારી વિના અચાનક જ આ નિર્ણય લઈ લીધો હોવાની વાત તો આટલા દિવસોમાં સ્પષ્ટ થઈ જ ચૂકી છે. કારણ કે ન તો હજુ નવી નોટો મુદ્રિત થઈને આવી કે નથી એટીએમ રિકેલિબ્રેટ થયાં. દેશભરમાં બેન્ક્સની બહાર ૯મી નવેમ્બરે જેટલી કતાર જોવા મળતી હતી એટલી જ કતાર આજે પણ જોઈ શકાય છે. પળેપળ લોકો નાણાં માટે તરસી રહ્યા હોય એમ હવે સાફ દેખાઈ રહ્યું છે. આ સંજોગોમાં મોદીભક્તોનો પ્રશંસાનો સૂર જરા નરમ પડ્યો છે ને અત્યાર સુધી ચૂપ રહેલા નિષ્પક્ષ વ્યક્તિઓએ હવે બોલવાનું શરૂ કર્યું છે. વિરોધીઓને પણ પોતાનો સૂર ઊંચો કરવાની મોકળાશ મળી રહી છે.

'મને ૫૦ દિવસ આપો... સ્થિતિ બહુ જલદી સામાન્ય બની જશે...' એવાં વડાપ્રધાનનાં નિવેદન કોરાં સાબિત થઈ ગયાં છે ને એમણે માગેલા ૫૦ દિવસના સમયમાંથી અડધો સમય તો વિતી પણ ગયો છે, પણ લોકોને હવે દિલ્હી દૂર હોય એમ લાગી રહ્યું છે.

રોજ-બ-રોજના જીવનમાં નાણાંનું કેટલું મહત્ત્વ છે એ ન તો આ દેશના સામાન્ય માનવીને સમજાવવાની જરૂર છે કે ન તો વડાપ્રધાનને. સૌ એનું મહત્ત્વ સુપેરે જાણે છે. આવી સ્થિતિમાં નાણાંનો પ્રવાહ અટકી જાય એ દેશ માટે ખરેખર ચિંતાનો વિષય છે. આ ચિંતાનું સમાધાન સરકારે સત્વરે લાવવું જ રહ્યું.

મોટાં શહેરોમાં જ્યાં ચિંતાજનક સ્થિતિ છે ત્યાં નાનાં ગામડાઓની વાત તો પૂછવા જેવી જ નથી. આખીય પરિસ્થિતિ ચિંતાજનક થઈ ગઈ છે પણ મોદીનો જુવાળ હજુ લોકોના આંખે ચડેલો હોવાથી લોકો હકીકત જોઈ શકતા નથી.

આવી પરિસ્થિતિમાં આભાર માનવાનો થાય શહેર-ગામોના નાના, મોટા વેપારીઓ, ઉત્પાદકોનો જેમણે ખાનગીમાં ૫૦૦-૧૦૦૦ની જૂની નોટ્સ સ્વીકારીને કે ઉધારમાં માલ આપીને પણ આખાય તંત્રને દોડતું રાખ્યું છે. મોટી કંપનીઝ જ્યાં સરકારને સમર્થન આપવા માટે જૂની ચલણી નોટ્સથી દૂર થઈ ગઈ ત્યાં સ્થાનિક વેપારીઓ, ઉત્પાદકો સામાન્ય લોકોની પડખે ઊભા રહ્યા છે ને એમના કારણે જ હજુ વ્યવહાર સચવાઈ રહ્યા છે. બાકી નાણાંની ખેંચ વધુ ને વધુ તીવ્ર થઈ રહી હોવાની બૂમરાણ તો હવે બધાં જ ક્ષેત્રોમાંથી આવી રહી છે.

'બહુ તાણીએ તો તૂટી જાય' એ નાતે હવે આ સ્થિતિને વધુ તાણવામાં સાર નથી. લોકોની આંખે મોદીનાં ચશ્માં ચડેલાં હોય ને એમનો દોષ કોઈને ન દેખાય તો ભલે, પરંતુ આર્થિક તંગીથી કંટાળીને લોકો અવળા માર્ગે ચડે એ પહેલાં 'અચ્છે દિન' નહીં તો કમ-સે-કમ 'સામાન્ય દિન'નું સ્વપ્ન સાકાર થવું જોઈએ.

ડિગ્રી કરતાં વિદ્યા જીવન નિર્વાહમાં ઉપયોગી છે

અદબ-પલાંઠી મોં પર આંગળી
ડૉ. સંતોષ દેવકર

ચકલીની વાત, કાગડાને કહેવાય નહીં,
કદાચ એ ગામ આખાને કહી દે.
અને હરણની વાત, શિયાળને કહેવાય નહીં
એ સિંહને જઈને પણ ખબર આપી શકે.
આટલી વાત સમજતા
મને વરસો લાગ્યા -
હવે હું કાગડા અને શિયાળની વચ્ચે
બેસું છું ખરો પણ બોલતો નથી.

- વિપિન પરીખ...

પ્રત્યેક મનુષ્યનો સ્વભાવ આ જગતમાં સુખ મેળવવાનો છે. એથી ઉલટું દુઃખ કોઈને પસંદ નથી. દુઃખી થવું કોઈને ગમતુ નથી.

છતાં મનુષ્ય દુઃખી થવા સામેથી પ્રયત્ન કરતો હોય તેવું લાગે !

અનભ્યાસેન વિદ્યાનામ સંસર્ગેણ ધીમતામ્
અનિગ્રહેણ ચાક્ષાણાં વ્યસનં જાયતે નૃણામ્
(વિદ્યાઓ ન ભણવાથી, બુધ્ધિશાળીઓનો સંપર્ક ન કરવાથી અને
ઈન્દ્રિયો પર કાબુ ન રાખવાથી માણસો માટે મુશ્કેલીઓ ખડી થાય છે.)

એક સંસ્કૃત સુભાષિત આપણી મદદે આવે છે. તેમાં જણાવ્યું છે કે દુઃખ કે મુશ્કેલી આવવાનું પ્રથમ કારણ વિદ્યાનો અભાવ છે. વિદ્યાનો જાણકાર પોતાના કુટુંબનો નિર્વાહ કરી શકે છે. આજે યુવાનોમાં મોટો પ્રશ્ન જીવનનિર્વાહ કેવી રીતે કરવો તે છે. આજે યુવાન ડિગ્રી લે છે પરંતુ તે પોતાનું કે કુટુંબનું જીવનનિર્વાહ કરી શકવા માટે શકિતમાન નથી. કારણ તેણે ડિગ્રી મેળવી છે પરંતુ વિદ્યા નહિ. વિદ્યાના અભ્યાસથી માત્ર ગુજરાન નહિ જીવનની ઘણી બધી મુશ્કેલીઓ અને દુઃખોમાંથી રાહત મેળવી શકાય છે.

વિદ્યાનો અર્થ પુસ્તક ભણીને જ મળતુ જ્ઞાન એવો સીમિત નથી કે માત્ર પુસ્તકો વાંચવા એવો પણ નથી. યુવાન જુદી જુદી કળાનો, ઉદ્યોગો અને હુન્નરોનો અભ્યાસ કરે તે પણ વિદ્યા જ છે. કોઈ ક્રીયા વારંવાર થયા જ કરે તેનું નામ અભ્યાસ એવો શાસ્ત્રીય અર્થ 'અભ્યાસ' શબ્દનો કરવામાં આવે છે. પુનઃ પુનઃ પ્રવૃત્તિઃ અભ્યાસઃ એનાથી કોઈપણ કામમાં કુશળતા મળે છે અને આશ્ચર્યકારક પરિણામો મેળવી શકાય છે.

"જેવો સંગ તેવો રંગ" કહેવતને આધારે જેના સંપર્કમાં આવવાનું થાય તેવો માણસનો વ્યવહાર અને વર્તનમાં પરિવર્તન આવતું હોય છે. બુધ્ધિશાળી અને સારા માણસોનો સંપર્ક રાખવાથી મુશ્કેલીમાંથી ઊગરી શકાય છે. તેનાથી ઊલટું, ખરાબ અને મૂર્ખ માણસોની મિત્રતા માણસને ખરાબ બનાવી દુઃખી કરે છે. ગુણીયલ મનુષ્યો દુર્લભ છે. મૂરખા અને ખરાબ માણસો ઠેર ઠેર છે.

ઉપનિષદના ઋષિએ ઈન્દ્રિયોને ઘોડાજેવી દોડનારી કહી છે. પોત પોતાના વિષય તરફ પ્રત્યેક ઈન્દ્રિય ઝડપથી દોડે છે.

ઈન્દ્રિયો પર કાબુ રાખે તે વિજેતા છે, તે સફળ છે. કાબુ રાખવો મુશ્કેલ છે છતાં અશકય નથી. અતિ સર્વત્ર વર્જયેત્ એ ન્યાયે ઈન્દ્રિય સંયમમાં મધ્યમ માર્ગ ઉપયોગી થઈ પડે છે.

ઉપરોકત સુભાષિતમાં ત્રણ માર્ગ વિદ્યાભ્યાસ, સારી વ્યકિતનો સંગ અને મન પર કાબુ આ ત્રણની સુપેરે વાત કરવામાં આવી છે. કોલેજ કે યુનિ.ની ડિગ્રી નહી પણ વિદ્યા મેળવવી, વિદ્યામાં પારંગત થવું તે અગત્યનું છે. સારા મિત્રો મેળવવા, તેમનો સંગ રાખવો, અને મન પર કાબુ રાખવો જે વારંવારના અભ્યાસ થકી શકય બને છે. સારા મિત્રો પુણ્યશાળીઓને જ પ્રાપ્ત થાય છે.

મિસરી

"અચ્છે લોગો કે સંગ સે
હંમેશા ભલાઈ મીલતી હૈ
ફૂલોંસે ગુજરતી હવા
ખુશ્બુદાર હો જાતી હૈ"

- santoshdevkar03@gmail.com

રો રો કે મોત માંગને વાલો કો, જીના નહીં આ સકા તો મરના કયા આયેગા

વિચારયાત્રા
ડૉ. જય ઓઝા

એક ગામમાં ૧૦-૧૨ વર્ષનો છોકરો સ્વભાવ શાંત અને ભીરુ છે. એના કલાસના છોકરા અને ઘરની આજુબાજુના છોકરાથી કાયમ ડરતો ચાલે છે. લાલો એનું નામ. ગેમર, મુકલો, બાબુ આ ત્રણ બધા એના 'સો કોલ્ડ' મિત્રો હતા, કે જે તેના ઉપર દાદાગીરી કરતા.

શાળાએ જવાનો સમય થાય એટલે શેરીની બહાર જ મુકલો દફતર લઈને ઊભો હોય. લાલાની રાહ જોતો હોય. જેવો લાલો આવે એટલે મુકલો એનું દફતર લાલાને પકડાવીને બિન્દાસ હાથ હલાવતો સ્કૂલે જાય, લાલો બે દફતર ઉપાડીને પાછળ પાછળ આવે.

સ્કૂલે આવીને ગેમરનું ઘરકામ તો લાલાએ જ કરી દેવાનું. આખા દિવસનું ઘરકામ લાલો કરીને લાવે, ગેમર તૈયાર નોટ શિક્ષકને બતાવી દે. રાત-રાત સુધી જાગીને લાલો લેસન કરે. કો'ક દિવસ પોતાનું લેસન ન કરે પણ ગેમરનું તો હંમેશા કરી દે.

અને શેરીમાં બાબુડો તો હોય જ સાંજે લખોટી રમવાની હોય, એમાં લાલો જો બાબુને પાંચ લખોટી આપે તો જ એને રમાડે, નહીંતર એનો બહિષ્કાર. આવું જ ભમરડા, છાપો અને બધી વસ્તુમાં થતું. આમ લાલાએ પોતાના જ ઘરની બહાર પોતાની ચીજ-વસ્તુથી રમવા માટે પણ બાબુને હપ્તો આપવો પડતો.

એક દિવસ એક પ્રસંગ બન્યો. લાલાએ અને તેના નાના ભાઈ-બહેનને ઘરેથી એક રૂપિયો વાપરવા મળતો, બધાને બાપુજી તરફથી રૂપિયો સવારમાં મળ્યો. બપોરના સમયે એક બરફ-ગોળાવાળો શેરીમાં આવ્યો, બધા બાળકો એને ઘેર વળ્યા. લાલો અને તેના ભાઈ-બહેન પણ એમાં સામેલ હતા. એટલામાં બાબુડીયો આવ્યો. એણે લાલાને ધમકાવ્યો અને રૂપિયો પડાવી લીધો અને લાલાના જ રૂપિયાથી એને લાલાની સામે જ બરફ-ગોળો લીધો. અને ખાવા માંડ્યો. લાલાના ગુસ્સાનો કોઈ પાર ન હતો. એના નાના ભાઈ-બહેન મજાથી ગોળો ચૂસતા હતા અને પોતે ઓશિયાળાની જેમ ઊભો હતો.

એ જ સેકન્ડે એનું મગજ ફરી ગયું. અત્યાર સુધી દબાવી રાખેલો ગુસ્સો ભડકી ઊઠ્યો. સામે દવાની નાની કાચની બોટલ પડી હતી, એ ઉઠાવી લીધી અને અત્યાર સુધીની બધી જ ખીજ ભેગી કરીને જોરથી બાબુના માથામાં મારી દીધી અને ભાગીને ક્યાંક સંતાઈ ગયો, પછી તો એની શોધા-શોધ થઈ ગઈ, બાબુને લોહી નીકળતું હતું. એને પાટા-પીંડી કરાવવી પડી. લાલાના અને બાબુના બાબા એકબીજા સામે ઝઘડી પડ્યા. રાત પડી, મામલો થાળે પડ્યો ત્યારે લાલો ચૂપચાપ ઘરમાં આવીને સૂઈ ગયો.

બીજા દિવસે સવારે સ્કૂલ જવા માટે નીકળ્યો, શેરી બહાર મુકલો દફતર લઈને ઊભો હતો, લાલો આવ્યો એટલે એણે એને દફતર પકડાવી દીધું. પણ લાલો લાલ થઈ ગયો હતો. તેણે દફતર ઉપાડ્યું અને હવામાં ફંગોળી દીધું. મુકલાના દફતરમાં બધા ચોપડા રસ્તામાં વેરણ-છેરણ પડ્યા. સ્કૂલે આવ્યો, ગેમર નોટ લઈને ઊભો હતો એને લાલાને ગૃહકાર્ય કરી દેવાનું કહ્યું.

લાલો વિફર્યો, બેંચ પર ચડીને ગેમરની નોટબુક પંખાનાં પાંખિયા પર મૂકી દીધી અને નીચે આવીને પંખાની સ્વીચ ચાલું કરી દીધી. નોટ સીધી કલાસરૂમની બહાર ફેંકાઈ ગઈ.

સાંજે ઘેર આવ્યો તો ચમત્કાર થયો, શેરીના બધા છોકરા લાલા પાસે આવ્યા અને આજીજીના સૂરે કહેવા લાગ્યા કે આજથી અમે બધા તને રોજ પાંચ લખોડી આપશું પણ તું બાબુની જેમ બાટલી ન ફટકારી દેતો. બસ વાર્તા પૂરી. લાલો હવે લાલસિંહ બની ગયો.

સો, ધ મોરલ ઑફ ધ સ્ટોરી ઈઝ 'જો ડર ગયા સમજો મર ગયા!' ડર, બીક, ભય વ્યક્તિને ખલાસ કરી નાખે છે આ વાત ફક્ત ૧૦-૧૨ વર્ષના લાલા નથી, વ્યક્તિ, સમાજ, રાષ્ટ્ર દરેકને આ જ વાત લાગુ પડે છે.

શારીરિક તાકાત ન હોય તો ચાલી જશે, પણ જયાં સુધી માનસિક તાકાત ન હોય ત્યાં સુધી બધું નકામું. શરીરે હટ્ટોકટ્ટો માણસ પણ જો ડરપોક હોય તો શું કામનું? આપણી સરહદ પરના જવાનોના શરીર કંઈ અલમસ્ત નથી હોતા, પણ એ બધા મેન્ટલી સ્ટ્રોંગ હોય છે. એમને ડરની ઉપર વિજય મેળવી લીધો હોય છે.

નિડર અને બુલંદ અવાજ હોય તો દુશ્મનની સામે અડધી જીત અપાવી દે છે આત્મવિશ્વાસ અને ડર્યા વગરની એક જોરદાર ત્રાડ જ સામેવાળાના હાંજા ગગડાવી નાખે છે.

ઈઝરાયલ જેવો નાનકડો દેશ ચારે તરફ દુશ્મનોથી ઘેરાયેલો છે. મુસ્લિમ રાષ્ટ્રો એની ઉપર હંમેશા આક્રમણની યોજના બનાવતા હોય છે. પણ આ બધાંથી ડરીને ઈઝરાયલ ઘૂંટણીએ પડી ગયું? ના. એણે ડર્યા વિના બધાનો મુકાલબો કર્યો. અને બધાને ધૂળ ચાટતા કર્યા. હમણાં લેબેનોનને તેના ફક્ત બે સૈનિકો - હણી કાઢ્યા તો, ઈઝરાયલે આખા લેબેનોન પર જ હુમલો કરી દીધો. આને નીડર અને મર્દાના જવાબ કહેવાય. યુનો વાળા શું કહશે? અમેરિકા શું કરશે? એવો ડર રાખ્યા વગર બિન્દાસ જવાબ આપી દીધો.

જયાં સુધી ડર, બીક, ભય, વ્યક્તિનાં સમાજમાં અને રાષ્ટ્રમાં રહેલો હોય છે, ત્યા સુધી તેની યોગ્ય કાર્યશૈલી વિકસી શકતી નથી. તેની અંદર રહેલી ખૂબીઓ અને તેનામાં રહેલી શક્તિઓ ડર અને ભયની દિવાલો વચ્ચે ગૂંગળાઈને રહી જાય છે.

ગીતામાં શ્રી કૃષ્ણ-અર્જુનને કહે છે, તું યુદ્ધથી ડરીને ભાગ નહીં. લડ અને મરી જા, પરંતુ લડવાતી ન ભાગ, કારણ કે એનાથી ભાગીને તું જીવીશ ઝરૂર પરંતુ મરવા જેવું જીવન હશે. એ 'ડેડ લાઈન' હશે. અને 'ડેડ લાઈન'થી 'લિવિંગ લાઈફ' વધારે બહેતર છે.

રો રો કે મોત માંગને વાલો કો,
જીના નહીં આ સકા તો મરના કયા આયેગા ?

- ફિરાક ગોરખપુરી

નાનપણથી જ મા-બાપ, બાળકને ડરાવતા હોય છે, રોઈશ નહીં, બાવો લઈ જશે, અંધારામાં જઈશ નહીં, ભૂત આવે. પાણીથી દૂર રહેજે ડૂબી જઈશ.

અને નાનપણમાં જ બીક અને ભયના પાઠ ભણેલો બાળક મોટો થઈને પણ જરાક અચકાતો જ ચાલે છે, જીવનની ઊંચી-નીચી, ઉબડ-ખાબડ મુશ્કેલીઓનો નીડરતાથી સામનો કરવાને બદલે ઘૂંટણીએ પડી જાય છે. અને આવા વ્યક્તિઓથી બનેલો સમાજ અને આવા સમાજથી બનેલું રાષ્ટ્ર માંયકાંગલું જ રહે છે.

એટલે આપણે લાલામાંથી લાલસિંહ બની જવાનું છે. શારીરિક તાકાત સાથે માનસિક તાકાત પણ મેળવવાની છે. ડરને કા નહીં, ભીડું, ક્યોંકિ, 'જો ડર ગયા સમજો મર ગયા.'

- jayuoza@gmail.com,
Mo. 9898046488

માણસ જે કાંઈ કમાય તેમાંથી દસ ટકા ભાગ પરમાર્થ માટે કાઢવો

અજવાળું - અજવાળું
તુષાર જોશી

'આપણે ૨૦૦ માણસોને સાથે લઈને હોસ્પિટલના ઉદ્‌ઘાટનમાં ચાર્ટર પ્લેન કરીને જઈશું બેટા,'

હીરાલાલ શેઠે દીકરા રાજેશને કહ્યું, કારણ શું? એન એમનો એ મનોરથ પુરો થયો કે નહિ તે વિશે જાણવા મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના પેઢામલી ગામ સુધી શબ્દની પાંખે યાત્રા કરવી પડશે.

લાડોલની નજીક આવેલા પેઢામલી ગામમાં ૭ સપ્ટેમ્બર ૧૯૩૩ના દિવસે જન્મ થયો હીરાલાલનો. બાળપણથી જ સંઘર્ષના દિવસો વિતાવ્યા. ૧૦ વર્ષની ઉંમર થઈ તે પહેલા પિતાના છત્રછાયા ગુમાવી - એ જમાનામાં આ ઉંમરે પુના સેટ થવાનું નક્કી કર્યું. અજાણી દુનિયા - ભાષા પણ જુદી અજાણ્યા લોકો... પણ હારે એ બીજા. લાકડા વીણીને ગુજરાન ચલાવ્યું અને બહેનને સાચવવાની જવાબદારી પણ નિભાવી. પુનાની જ કોઈ ઓફિસમાં ઓફિસ બોય તરીકે કામગીરી સાથે કારકિર્દીનો આરંભ કર્યો.

પુરુષાર્થ - પરસેવો અને પ્રમાણિકતાથી લોકોના દિલ જીતતા ગયા. દીર્ઘદૃષ્ટિ - કોઠાસૂઝ અને વ્યવસાયિક ગણિતની ત્રિવેદી એમના વ્યક્તિત્વમાં હતી એટલે કારકિર્દી સડસડાટ આગળ વધવા માંડી. ચોખા જેવા ધાન્યના વ્યાપારમાં એમણે હથરોટી હાંસલ કરી. પછી તો અનુભવ સમૃદ્ધિ અને લક્ષ્મી સમૃદ્ધિ વધતી ગઈ અને પરિવારનો વ્યાપાર જગતમાં અનેક ક્ષેત્રે વ્યાપ વધતો ગયો.

પત્ની કંચન અને બે દીકરાઓ રાજેશ તથા જયંત તથા પુત્રવધુઓ સાથે આનંદમય જીવન પસાર થતું રહ્યું. તેઓ જે કંઈ કમાતા એમાંથી ખુબ મોટી રકમનું દાન પણ તેઓ વિધવિધ ક્ષેત્રોમાં કરતા થયા. વિશેષ લાગણી એમની રહી શિક્ષણ અને આરોગ્યના ક્ષેત્રે દાન આપવાની. એમના પારિવારિક તબીબ ડોકટર વિનોદ શાહ કહે છે કે, 'સામાન્ય માણસ રોજ ભગવાનને એમ પુછે કે હે ભગવાન આજે તું મને કેટલા પૈસા આપીશ? હીરભાઈ એમ પુછતા કે હે ભગવાન આજે દાનમાં હું કેટલા પૈસા આપીશ?'

એમના દાતારીના સ્વભાવથી વાત અમદાવાદની અખંડ આનંદ આર્યુવેદ કૉલેજના અધિકારી-કૌશલ હેલ્થ અને એજ્યુકેશન ટ્રસ્ટ સાથે જોડાયેલા ડૉ. અતુલ ભાવસારને મળી. એમને આરોગ્ય ક્ષેત્રની સેવા પ્રવૃત્તિ પેઢામલી ગામમાં ચલાતી હતી... એમનું વતનનું એ ગામ હતું. અમદાવાદ એરપોર્ટ પર બંને મળ્યા. શેઠ હીલાલાલને અતુલભાઈમાં અને એમની પ્રવૃત્તિમાં રસ પડ્યો. જમીનની વ્યવસ્થા થઈ - સર્વોદય આશ્રમનો સહકાર મળ્યો. બહુ જ ઓછા એટલે કે માત્ર ૮ મહિનાના સમયમાં ૬ બિલ્ડિંગોનું કામ પૂર્ણ કરાયું. હોસ્પિટલના શુભારંભ માટેની તારીખ પણ ૪ ડિસેમ્બર ૨૦૧૬ જાહેર થઈ ગઈ... અને તે સમયે શેઠ હીરાલાલે દીકરાને આ લેખના આરંભે લખેલું વાક્ય કહ્યું હતું... દીકરા રાજેશે પુછ્યું કે આટલા બધા માણસોને લઈ જવાનો હેતુ શું? તો જવાબ મળ્યો 'એમાંથી પાંચ-સાત શ્રેષ્ઠીઓ - દાતાઓના હૃદય પરિવર્તન થાય- વિચાર જાગે તો તેઓ પણ તેમના ગામમાં આવી હોસ્પિટલ ગરીબો અને જરૂરિયાતમંદો માટે ઊભી કરી શકે... આમ પોતે તો રકમ વાપરવી... પરંતુ સારા કામ માટે બીજાને પણ પ્રેરણા આપવી એ એમનો સ્વભાવ હતો...'

અચાનક બિમારી આવી અને એમણે તા ૨૧, જુલાઈ ૨૦૧૬ના રોજ દેહ છોડી દીધો... એમના બંને પુત્રો રાજેશ તથા જયંત અને પૌત્રો ધવલ અને માલવ પરિવાર તથા પ્રિયજનો સાથે પેઢામલી ગામમાં આવ્યા - હોસ્પિટલનો શુભારંભ થયો અને ભવિષ્યમાં અહીં જે પણ કાર્યો આરોગ્યલક્ષી થાય તે માટે રાજેશભાઈએ ડૉ. અતુલ ભાવસારને કહ્યું કે, 'તમે કામ કરો... દાન આપતા રહીશું...' ટૂંકા સમયમાં ૬ બિલ્ડીંગો સાથેનું કંચન-હીરા આયુર્વેદિક હોસ્પિટલ અને કેન્સર રીસર્ચ સેન્ટરનું સંકુલ તૈયાર થવા માંડ્યું. ઉદ્‌ઘાટનની તારીખ ૪ ડિસેમ્બર ૨૦૧૬ નક્કી થઈ અને શેઠે દીકરાને લેખના આરંભે લખેલું વાક્ય કહ્યું... એમનો હેતુ એ હતો કે સાથે આવનારા ૨૦૦ માંથી પાંચ શ્રેષ્ઠી-દાતાઓ જો એમના ગામમાં આવી હોસ્પિટલ કે સ્કૂલ તૈયાર કરે તો મારું એમને લઈ જવું સાર્થક થઈ જાય... પરંતુ ઈશ્વરને કાંઈ અલગ મંજુર હતું. ૨૧ જુલાઈ ૨૦૧૬ શેઠ હીરાલાલે દેહ છોડી દીધા.... દીકરાઓ રાજેશ તથા જયંત અને પૌત્રો ધવલ તથા માલવે દાનની સરવાણી વહેતી રાખી. નમુનેદાર સંકુલનો આરંભ થયો જ. સામાન્ય દર્દીઓ માટે વ્યવસ્થાના ભાગરૂપે જે સામાન્ય ફી લેવાતી હતી તે પણ ઉદ્‌ઘાટનના દિવસે બંધ જાહેર કરી - વિના મૂલ્યો સારવાર આપવાનો સંકલ્પ કર્યો.

જેનાથી મળે આયુષ, ને આયુ વિશેનું જ્ઞાન, મુનિવરો તેને આયુર્વેદ કહે, મુનિ સો મહાન.

આ સૂત્રને અનુરુપ આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિની સારવાર અહીં થાય છે. રોજ ૧૦૦ થી વધુ ઓપીડી દર્દીઓ આવે ઓછે. જેના અત્યાર સુધી માત્ર ૧૦ રૂપિયા ટોકન કન્સલટેશનના લેવાતા હતા હવે તે પણ નથી લેવાતા. આરોગ્ય નિદાન ઉપરાંત દર્દીઓને અહીં યોગ્ય દવા-એક્સરે-સોનોગ્રાફી-કોમ્પ્યુટરાઈઝડ પેથોલોજી લેબોરેટરી - ઓપરેશન થિયેટર - ફીઝીયોથેરાપી યુનિટ - ૪૦ પથારીની સુવિધા ધરાવતા પુરુષ અને સ્ત્રી દર્દીઓના જનરલ વોર્ડ વીઆઈપી અને સ્યુટ રૂમ - પંચકર્મ સેન્ટર - યોગ - ધ્યાન - મેડિકલ સ્ટોર- કોન્ફરન્સ રૂમ - દર્દીઓ માટે ગોલ્ફ કોર્ટ - વિના મૂલ્યો એમ્બ્યુલન્સ જેવી અનેક સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે. જે જમીનમાં સંકુલ બનાવાયું ત્યાં ક્યારેય રાસાયણિક ખાતર નંખાયું નથી એટલે ઓર્ગેનિક ફુડ અહીં ઉપલબ્ધ થાય છે. તમામ સુવિધાઓ માર્કેટ રેઈટ કરતાં ખુબ જ ઓછા ભાવે દર્દીઓને આપવામાં આવે છે. કુલ ૧૨ એકર જમીનમાં પથરાયેલી સંસ્થાની જગ્યામાં હાલ ૬ બિલ્ડીંગ છે અને હજી એમાં વધારો થશે. હોસ્પિટલની જરૂરિયાત માટે ૨૪ કલાક વીજળી-પાણીની સુવિધા પણ પ્રાપ્ય બનાવવામાં આવી છે.

ભારતીય સંસ્કૃતિમાં માણસ જે કાંઈ કમાય તેમાંથી દસ ટકા ભાગ પરમાર્થ માટે કાઢવો જોઈએ એવા ઉલ્લેખો મળે છે. પૈસો-ધન-લક્ષ્મી અને મહાલક્ષ્મી બધાના ઉચ્ચારની જેમ એમાં સમાયેલો ભાવ પણ અલગ જ છે.

માણસ પુરુષાર્થ કરીને - પરસેવો પાડીને - બુદ્ધિથી - કૌશલ્યથી ખુબ ધન કમાય તે જરૂરી છે જ પરંતુ એ ધનમાંથી પરમાર્થ માટે બીજા માટે - માનવતાના કાર્યોમાં જયારે ચોક્કસ ભાગ જાય ત્યારે દાન મહાલક્ષ્મી બને છે.

વતનપ્રેમને વશ થઈને વતનના ગામોમાં દાતાઓ દ્વારા આરોગ્ય શિક્ષણ અને માળખાકીય સુવિધાના અનેક કાર્યો કરવામાં આવે છે. આવા કામો થકી ગામડાના લોકોએ શ્રેષ્ઠ સુવિધાઓ ગામમાં સાવ ઓછા દરે અથવા વિના મૂલ્યે પ્રાપ્ત થઈ જાય છે. પરિણામે એમના સુખ સુવિધા અને આનંદમાં વધારો થાય છે.

દાતાઓના દાન થકી ગરીબોને - જરૂરિયાતમંદોને જયારે